ટૂંક જ સમયમાં સિવિલ હોસ્પિટલોમાં નવા એક હજાર મેડિકલ ઓફિસરો સેવા આપશે

## @ગાંધીનગર

● સમદર્શન આશ્રમ તથા શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા પુ. ગુરૂમા સમાનંદ સરસ્વતીજીના શ્રીમુખે કર્મયોગ વિષય પર જીવનોપયોગી “ગીતાજ્ઞાન” સાંજે ૬.૩૦થી ૮.૦૦ કલાક દરમિયાન સે. ૧૨ ઉમિયા માતાજી મંદિર હોલ ખાતે યોજાશે.

● સે-૨૮માં નવરાત્રી ચોક અંબાજી મંદિર ખાતે વકતા સંજય ભારતી ગોસ્વામીની વ્યાસપીઠે શિવકથાનો પ્રારંભ બપોરે ૧.૩૦ કલાકે કરાશે.

● નહેરુ યુવા કેન્દ્ર દ્વારા સે-૧૫માં સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે બપોરે ૧ કલાકે દેશભકિત અને રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની ભૂમિકા વિષયે જિલ્લા કક્ષાની વકતૃત્વ સ્પર્ધા યોજાશે.

# થર્ટી ફર્સ્ટને પગલે દારૂની હેરાફેરી પર પોલીસની ધોંસ

## ગ્રામ પંચાયતની ચુંટણી, થર્ટી ફર્સ્ટ અને વાઈબ્રન્ટ અનુસંધાને ચેકીંગ સઘન કરાયું

## સે-૨૩માંથી એલસીબીએ અને વડોદરા પાટીયાથી ડભોડા પોલીસે દારૂ-બિયર ભરેલી ગાડી પકડી

ગાંધીનગર, તા.૨૧

થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર અને ગ્રામ પંચાયતની ચુંટણી બંને આવનારા કાર્યક્રમોમાં ધૂમ દારૂ-બિયર પીવાય અને વેચાય છે. આ વખતે દારૂ-બિયરની હેરાફેરી પર પોલીસની સતત વૉચ રહેશે. અત્યારથી ગાંધીનગર પોલીસે બાતમીદારો સક્રિય કરી દીધા છે. આજે ત્રણ સ્થળેથી દારૂ બિયરનો જથ્થો ભરેલી બિનવારસી ત્રણ ગાડીઓ પકડીને પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે.

મળતી માહિતી મુજબ લોકલ ક્રાઈમ બ્રાન્ચ પી.આઈ. પી.બી. ચૌહાણની ટીમે બાતમીને આધારે સે-૨૩માં આવેલા ડૉ. દેસાઈ નર્સીંગ હોમની સામે બિનવારસી પડેલી સ્કોર્પીયો ગાડી નં. જીજે ૬ એ.એચ.





૬૫૧૩માં ચેકીંગ હાથ ધર્યું હતું. સ્કોર્પીઓમાંથી વિદેશી દારૂની ૧૭૭ નંગ બોટલ મળી આવતા રૂ. ૨,૭૦,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ત્યાર બાદ એલસીબી પીએસઆઈ કૃણાલ પટેલે બાતમીના આધારે સે-૨૩ લગ્નવાડી સામે માઈક્રોશોપીંગ પાસે બિનવારસી પડેલી ફોર્ડ આઈકોન ગાડી નં. જીજે ૧ એચ.જી. ૪૬૩૪માં ચેકીંગ કર્યું હતું. ગાડી અકસ્માત ગ્રસ્ત પડી હતી. ગાડીમાંથી ૨૬ નંગ વિદેશી દારૂની બોટલ મળી આવતા રૂ. ૧,૧૦,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આરોપીઓ સુધી પહોંચવા તજવીજ કરી હતી. તે ઉપરાંત ડભોડા પીએસઆઈ એન.એમ. ચૌધરીની ટીમે એસેન્ટ ગાડીનો પીછો કરી દારૂ-બિયર ભરેલી ગાડી પકડી પાડી હતી. જો કે પીછો કરતા ગાડી વડોદરા ગામના પાટીયા પાસે ઝાડ સાથે ટકરાઈ ગઈ હતી અને ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. ડભોડા પોલીસે દારૂ-બિયરનો જથ્થો તથા ગાડી મળીને રૂ. ૨,૬૦,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ શરુ કરી છે.

## વાતવાતમાં

● ભારતીય યોગ સંસ્થાન દ્વારા શહેરમાં વિના મૂલ્યે યોગ દ્વારા સાંધાના દુ:ખાવા અને મોટાપા નિવારણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૫મી ડિસેમ્બરથી તા. ૨૮મી ડિસેમ્બર દરમિયાન સે-૬ના ગાર્ડનમાં તથા તા. ૨૯મી ડિસેમ્બરથી તા. ૧લી જાન્યુઆરી દરમિયાન સે-૩ના ગાર્ડનમાં દરરોજ સવારે ૬ થી ૭ વાગ્ય દરમિયાન આ શિબિર યોજાશે.

● બોગસ ઈમેલ આઈડી બનાવી બેંકમાંથી રૂ. ૨૨ લાખ ટ્રાન્સફર કરી લેવાના કેસમાં તાત્કાલિક પગલા લેવાઈ નાણાં ફ્રીઝ કરી પરત મેળવી લેવાયા છે. આ સાથે આરોપીઓને ઝડપી લેવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

● ગાંધીનગરના ચ રોડ અને ઘ રોડ પર વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને વન વિભાગ દ્વારા વૃક્ષોનું ટ્રિમીંગ કરવામાં આવ્યું હતું. બ્યુટિફિકેશન અંતર્ગત કરાયેલા આ ટ્રીમીંગ બાદ કપાયેલી ડાળીઓ ઉપાડવામાં ઉદાસીનતાના કારણે આ મુખ્ય માર્ગો પર ગંદકીનો માહોલ સર્જાયો છે.

● મહાત્મા મંદિરની બાજુમાં બનાવાયેલા સર્વિસ રોડ પર આખો દિવસ સ્ટ્રીટ લાઈટો ચાલુ રહે છે. વાઈબ્રન્ટ સમિટના પગલે આ ઝળહળાં કરાયા હોય તેવી નગરજનો મજાક કરી રહ્યા છે.

## શૈક્ષણિક વિઝીટ યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશનની એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન સે-૨૩, ગાંધીનગરના તાલીમાર્થીઓ દ્વારા તા. ૧૯-૧૨-૨૦૧૬ના રોજ એક દિવસીય શૈક્ષણિક વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

સદર વિઝીટ તાલીમાર્થીઓમાં નેતૃત્વન શકિત ખીલે તેમજ પ્રકૃતિનું સાંનિધ્ય માણે તેવા ઉમદ આશય સાથે યોજવામાં આવ્યો હતો. જેમાં થોળ પક્ષી અભયારણ્ય, શંખલપુર, બહુચરાજી તેમજ મોઢેરાનું સૂર્યમંદિર વિગેરે સ્થાનોની મુલાકાત લીધી હતી. સમગ્ર વિઝીટનું આયોજન કોલેજના એચ.ઓ.ડી. ડૉ. જીજ્ઞાસાબેન જોશીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



**બે કલાકારની જુગલબંધી :** ગાંધીનગરના આંબેડકર હોલ ખાતે મરાઠી ભાષાના ગઝલકાર શ્રી દિવાકર ચોકકેરબ ની બે સાહિત્ય રચના ‘તુ જયા સારખી તુ’ અને ‘બિંબ પ્રતિબિંબ’ એમ બે પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું. જેના પુસ્તકનાં મુખપૃષ્ઠનું ચિત્રકામ ગાંધીનગરનાં જાણીતા ચિત્રકાર અને સ્કલ્પચર આર્ટિસ્ટ હરિન ભટ્ટે કરેલું છે. તદઉપરાંત તેમણે આમંત્રિતો માટે મુખપૃષ્ઠની ડિઝાઈન પ્રમાણેની કોટન ડૉલ્સ તેમના કલાશ્રી ફાઉન્ડેશન તરફથી અર્પણ કરી હતી. જેની મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશમાંથી આવેલા મહેમાનોએ સહર્ષ સ્વિકારી હતી.

## આર. જી. કન્યા વિદ્યાલયમાં કેશલેસ ભારત કાર્યક્રમ યોજાયો

કેશલેસ ભારત અન્વયે શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ અંબાજી મુકામે ગુ.રા.ઉ.મા.શિ.સંઘના પાંચમા અધિવેશનમાં શિક્ષકોને કેશલેસ ભારતનું કાર્ય તમારે ઉપાડવાનું તેવો સંદેશ આપ્યો હતો. તે અન્વયે સર્વ વિદ્યાલય કડી સંચાલિત ગાંધીનગર સ્થિત શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ. માધ્યમિક શાળામાં એન.એસ.એસ.



ઓફીસર શ્રી આર.જી. પટેલ તથા એન.એસ.એસ.ની ૧૦૦ સ્વયંસેવિકાઓએ કેશલેસ ભારતની માહિતી બાળકોને કોમ્પ્યુટરથી ડેમો દ્વાકા ભારત સરકાર-યુ ટયુબના વીડીયોથી રજુ કરવામાં આવી હતી અને દરેક વિદ્યાર્થીઓને જણાવવામાં આવ્યું કે તમારી આજુબાજુ રહેતા પાંચ કુટુંબોમાં કેશલેસની સમજુતી આપવી. સાત દિવસ બાદ કેટલા કુટુંબો કાર્ડથી વ્યવહાર કરે છે તેની માહિતી એન.એસ.એસ. ઓફિસરને આપવી. આ કાર્યક્રમમાં મહેમાન તરીકે શ્રી એ.કે. રાઠોડ (નાયબ શિક્ષણ સચિવશ્રી મા.ગુ.રાજય ગાંધીનગર) તથા શ્રી પી.જે. પટેલ (મ.શિ.નિ. ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પણ કેશલેસની માહિતી અલગ અલગ ઉદાહરણથી આપી હતી. આ ઉપરાંત શાળાના આચાર્ય સુધાબેન પટેલ તથા સુપરવાઈઝરશ્રીઓ, શિક્ષક મિત્રો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. ઓફીસર શ્રી આર.જી. પટેલે કર્યું હતું.

## છેતરપીંડીના ગુનામાં બે વર્ષથી નાસતો ફરતો આરોપી પકડાયો



ગાંધીનગર, તા.૨૧

ગ્રામ પંચાયતની ચુંટણી અનુસંધાને નાસતા ફરતા આરોપીઓને શોધીને પકડી પાડવા એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે સુચના આપતા એલસીબી પી.આઈ. પરાગ ચૌહાણની ટીમ તે દિશામાં પણ સક્રીય થઈ છે ત્યારે બાતમીદારોથી માહિતી મેળવીને આજે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનના છેતરપીંડી વિશ્વાસઘાત અને મદદગારીના ગુનામાં બે વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડયો હતો. મહેસાણાના લક્ષ્મીપુરા વિસ્તારના આરોપી રમેશ ગણેશ ચૌધરીની એલસીબીની ટીમે છત્રાલ હાઈવે ત્રણ રસ્તા બ્રીજ પાસેથી ધરપકડ કરી કલોલ તાલુકા પોલીસને આરોપી સોંપી દીધો છે.

## આર.સી. પટેલ હાઈસ્કૂલમાં ‘એકઝામ ફીવર અને તેમાંથી બચવાના ઉપાયો’ અંગે કાર્યક્રમ યોજાયો

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને ગાંધીનગર સ્થિત શ્રીમતી આર.સી. પટેલ હાઈસ્કૂલ અને જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ (જે.સી.આઈ.)ના સહયોગથી ‘પરીક્ષાનો તાવ-બચવાના ઉપાયો’ વિષય પર ધો-૧૨ કોમર્સના વિદ્યાર્થીઓ માટે એક સુંદર કાર્યક્રમ તા. ૨૧-૧૨-



૨૦૧૬ના રોજ યોજાઈ ગયો. કેમ્પસના ફાર્મસી હોલ ખાતે આયોજિત થયેલા આ કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે નેશનલ ટ્રેનર વિનોદ વૈષ્ણવે વિદ્યાર્થીઓની લેખિત કસોટી લઈ તે પ્રશ્નોમાં મેળવેલા ગુણને આધારે વય, કક્ષા, રસ, રુચિ અનુસાર પોતાના સૂચન વિદ્યાર્થીઓને આપ્યા હતા.

## સહયોગ મંડળે બાળકોને ખજુરનું વિતરણ કર્યું

ગાંધીનગર શહેરની તેમજ આસપાસના ગામોની આંગણવાડીઓના બાળકોને ગાંધીનગર સહયોગ મંડળ દ્વારા શિયાળામાં ખજૂરનું વિતરણ કરવામાં આવ્યું હતું. સે-૧૩, ૧૪, ૧૫, ૧૬, ૨૮, ૨૪, બોરીજ, જીઈબી, ચરેડી તેમજ આદીવાડાના ૫૦૦ જેટલા બાળકોને લાભ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના ભગુભાઈ પટેલ, દશરથલાલ પરમાર, ડી.જી. રાજપુત, કિરીટસિંહ વાઘેલા, આર.કે. માથુર વગેરે જોડાયા હતા.

## ટૂંક સમયમાં જ સિવિલ હોસ્પિટલોમાં નવા એક હજાર મેડિકલ ઓફિસરો સેવા આપશે

### ગાંધીનગર સ્થિત જીપીએસસી ભવનમાં હાલ મેડિકલ ઓફિસરોની ઈન્ટરવ્યુ પ્રક્રિયા ચાલુ : જાન્યુઆરી સુધીમાં આ તમામ મેડીકલ ઓફિસરોને નિમણુંકો આપવામાં આવશે

ગાંધીનગર, તા.૨૧

ટૂંક જ સમયમાં રાજયની સરકારી તબીબ સેવામાં એક હજાર નવા મેડિકલ ઓફિસરો સેવામાં જોડાશે. હાલ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગાંધીનગર સ્થિત જીપીએસસી ભવન ખાતે ઉમેદવારોની ઈન્ટરવ્યુ પ્રક્રિયા ચાલી રહી છે. દરરોજ ૧૦૦ ઉમેદવારોના ઈન્ટરવ્યુ લેવામાં આવી રહ્યા છે. નવા મેડિકલ ઓફિસરો સેવામાં આવતા સરકારી સિવિલ હોસ્પિટલોમાં દર્દીઓને મોટી રાહત થશે.

સરકારી સિવિલ હોસ્પિટલોમાં તબીબ ક્ષેત્રે તબીબોની મોટી ખોટ વર્તાઈ રહી છે. પૂરતા તબીબો ન હોવાને લીધે દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે રાજયના આરોગ્ય વિભાગે સરકારી તબીબ સેવાઓને વધુ મજબુત બનાવવા અને સરકારી હોસ્પિટલોમાં ખાલી પડેલ તબીબોની જગ્યાઓ ભરવા માટે થોડા સમય અગાઉ લાયક ઉમેદવારો પાસે અરજીઓ મંગાવવામાં આવી હતી. રાજય ભરમાંથી ૧૦૦૦ જેટલી અરજીઓ આવી હતી. જેના માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ઉમેદવારને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા. હાલ ગાંધીનગર સ્થિત જીપીએસસી ભવનમાં ૪ જાન્યુઆરી સુધી આ ઈન્ટરવ્યુ પ્રક્રિયા ચાલશે. જેમાં રોજ ૧૦૦ ઉમેદવારોને બોલાવવામાં આવે છે. ઈન્ટરવ્યુ માટે ભવનમાં જ જુદી જુદી પાંચ ઈન્ટરવ્યુ સમિતિ રોજ ૨૦ ઉમેદવારો એટલે કે કુલ ૧૦૦ ઉમેદવારોના ઈન્ટરવ્યુ લે છે. ઉમેદવારોને પણ ઈન્ટરવ્યુ માટે ચિઠ્ઠીના નંબરના આધારે પેનલ રૂમમાં પ્રવેશ મળે છે જે પ્રક્રિયા પારદર્શક છે. ટૂંક જ સમયમાં ઈન્ટરવ્યુમાં સફળ થનાર તબીબોને ઈન્ટરવ્યુ બાદ કામકાજના ૧૦ દિવસમાં નિમણુંકો આપવામાં આવશે. સરકારી સિવિલ હોસ્પિટલોમાં ૧૦૦૦ જેટલા નવા મેડિકલ ઓફિસરો સેવામાં જોડાશે જેથી સરકારી હોસ્પિટલમાં આવતા ગરીબ દર્દીઓને મોટી રાહત મળશે.



**નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા ઉપવાસ**

આદર્શ નિવાસી શાળા સેકટર-૮માં કાર્યરત જયસિંહ ગેલાભાઈ રાજપૂતને વર્ષ ૨૦૦૨માં કોઈ ત્રાહિત વ્યકિતએ કરેલા અદાલતી કેસના કારણે નોકરીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જો કે હાઈકોર્ટ દ્વારા બહારના કેસમાંથી તા. ૨૧મી નવેમ્બર ૨૦૧૬ના રોજ નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. આમ છતાં તેમને નોકરીમાં પુનઃ સ્થાપિત કરવામાં નથી આવ્યા. અસંખ્ય રજૂઆતો કરવા છતાં તેમને ન્યાય ન મળતા અંતે તેઓ પોતાના હક્ક માટે તા. ૧૯મી ડિસેમ્બરથી તા. ૨૨મી ડિસેમ્બર સુધી સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે પ્રતિક ઉપવાસ પર ઉતર્યા છે. જો આ દરમિયાન તેમને ન્યાય નહીં મળે તો પછી તા. ૨૩મી ડિસેમ્બરથી તેઓ આમરણાંત ઉપવાસનું શસ્ત્ર ઉગામશે તેવી તેમણે ચિમકી ઉચ્ચારી છે.

# એચઆઈવીગ્રસ્તો માટે યોજાયેલ કાર્યક્રમ સંવાદસેતુ

## જીએસએનપી પ્લસ દ્વારા આયોજીત કાર્યક્રમમાં એચઆઈવી પોઝીટીવ મહિલાઓને મળવાપાત્ર લાભોમાં બીપીએલની મર્યાદા દૂર કરાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેકટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે આજે જીએસએનપી પ્લસ સંગઠન દ્વારા ‘સંવાદસેતુ... એચઆઈવી સાથે જીવતા મહિલા તથા બાળકોનો સંગઠિત અવાજ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત રાજયના સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ વિકાસ કેબિનેટ મંત્રી આત્મારામ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. એચઆઈવી પોઝીટીવ મહિલાઓને મળતા લાભો સરળતાથી પ્રાપ્ત થાય જેના થકી તેઓ સ્વમાનભેર જીવન જીવી શકે તે માટે આત્મારામ પરમારે પ્રોત્સાહિત કર્યા હતા.

ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વીથ એચઆઈવી-એઈડસ સંસ્થા દ્વારા આયોજિત સંવાદસેતુ કાર્યક્રમમાં આશરે ૪૫૦થી વધુ એચઆઈવી પોઝીટીવ મહિલાઓ ઉપસ્થિત રહી હતી. જીએસએનપી પ્લસ એ વર્ષ ૨૦૦૩માં સાત એચઆઈવી પોઝીટીવ વ્યકિતઓ દ્વારા શરુ કરવામાં આવેલી સંસ્થા છે. આ સંસ્થા ગુજરાત રાજયના એચઆઈવી પોઝીટીવ લોકો દ્વારા, લોકો માટે, લોકોનું સામુદાયિક




સ્વયંસેવી સંગઠન છે. સંગઠનને રાજ્ય સ્તરે ગુજરાતના ૨૪ જિલ્લામાં જિલ્લા સ્તરીય સંગઠન સંસ્થાઓની ભાગીદારીથી ૫૯૭૫૯થી વધુ એચઆઈવી પોઝીટીવ વ્યકિતઓની કાળજી લઈ સાર સંભાળને લગતી સેવાઓ પહોંચાડી રહ્યું છે. જેમાં ૨૨૬૭૮ મહિલા અને ૩૪૯૪ બાળકો પણ સામેલ છે. સંગઠન એચઆઈવી પોઝીટીવ વ્યકિતઓને ગુજરાત સરકાર, ગુજરાત સ્ટેટ એઈડસ, કંટ્રોલ સોસાયટી, સામાજિક ન્યાય અને સુરક્ષા ખાતુ, સ્થાનિક દાતાઓ, ઈન્ડિયા એચઆઈવી એલાયન્સ સહિત કોર્પોરેટર દાતાઓ વગેરેના સહયોગથી કાર્યરત છે. જીએસએનપી પ્લસ દ્વારા સમયાંતરે રાજય સ્તરીય હિમાયતી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેનાથી એચઆઈવી પોઝીટીવ વ્યકિતઓ માટેની સેવાઓ તથા યોજનાઓને સુદઢ બનાવવા પ્રયાસ કરાય છે.

## ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ જવાનોની નિવૃત્તિ તથા સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર જિલ્લા હોમગાર્ઝ દ્વારા ઓફિસર કમાન્ડીંગ ગોવિંદભાઈ પટેલના નેજા હેઠળ કાર્યક્રમ ઈન્સ્ટ્રકર કે.ડી. રાજપુતના સાંનિધ્યમાં જવાનોની નિવૃત્તિ તથા સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હોમગાર્ડઝના સભ્યો જે જેમણે લાંબા સમય સુધી નિષ્કામ ફરજ બજાવી છે તે પ્રફુલકુમાર રામશંકર વ્યાસ, મહેન્દ્રસિંહ શિવાજી રાઠોડ, બકુલભાઈ મંગળદાસ મહેરિયા, જયંતિભાઈ મનસુખભાઈ વાઘેલા, પુનાભાઈ રામાભાઈ રાઠોડ, ગુણવંતભાઈ વિઠ્ઠલદાસ સોની અને ઈશ્વરસિંહ મેરૂભા રાઠોડનું નિવૃત્તિ સન્માન તેમને પુષ્પગુચ્છ તથા અન્ય પુસ્તક અને શાલ ઓઢાડી કરવામાં આવ્યું હતું.

પી.એસ. સોઠાની ઓફિસર ટ્રેનીંગ પ્રમોશન માટે તથા ગોવિંદભાઈ પટેલ-ઓફીસર કમાન્ડીંગ ગાંધીનગર તરીકે નિમણુંક કરાઈ હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્લાટુન સાર્જન રમીલાબેન એમ. ચૌહાણે કર્યું હતું. હોમગાર્ડઝ જવાનો-એનસીઓ તેમજ મહિલા હોમગાર્ડઝ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. મંગુબેન રસીકલાલ મોદી, ઉ.વ.૭૬
- સ્વ. બળદેવભાઈ છોટાભાઈ પટેલ, ઉ.વ.૬૫
- સ્વ. નારણભાઈ અવચરણભાઈ રબારી, ઉ.વ.૬૫
- સ્વ. જોઈતાજી કાળાજી ઠાકોર, ઉ.વ.૭૦